GJSN110000102026

| | | | | |
|---|---|---|---|---|
| **દાખલ તારીખ** | **:–** | ૦૩/૦૧/૨૦૨૬ | | |
| **નોંધણી તારીખ** | **:–** | ૦૩/૦૧/૨૦૨૬ | | |
| **નિકાલ તારીખ** | **:–** | ૧૮/૦૭/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **:–** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | | ૦૦ | ૦૬ | ૧૫ |

સત્યમેવ જયતે

ચુડાના પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં.

**ફો.કેસ નં. ૧૦/૨૦૨૬**

**આંક – ૨૬**

**<u>ફરીયાદી ::–</u>** નામદાર સરકાર.

વિરૂધ્ધ

**<u>આરોપી ::–</u>**

(૧)... ભુપતભાઈ ધીરૂભાઈ રાઠોડ, ઉ.વ.૩૭,
રહે. સમઢીયાળા, તા.ચુડા, જી.સુરેન્દ્રનગર.

**–:: ગુન્હો ::–**

**બી.એન.એસ.ની કલમ–૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨ તથા જી.પી.એક્ટ–૧૩૫ મુજબનો.**

---

ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી : સી.પી.જોષી.
આરોપીપક્ષ તરફે વિ.વ.શ્રી : એ.એમ.કુરેશી.

---

**–:: ચુકાદો ::–**

(૧)... આ કામના ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી તથા આરોપીઓ કૌટુંબિક ભાઇઓ હોય ફરીયાદીના કુવામાં આ કામના આરોપી નં.૧ નાએ પાણીની મોટર મુકેલ હોય જેથી ફરીયાદીએ પોતાના કુવામાંથી પાણી પાવાની ના પાડી મોટર બંધ કરી દેતા આ કામનો આરોપી નં.૧ ઉશ્કેરાઈ જઈ ફરીયાદીનો કાંઠલો પકડી બે-ત્રણ વખતે ઓરડીની દિવાલ સાથે ભટકાડી નીચે પાડી દઈ તેના હાથમાં રહેલ છોરીયાનો ઉંધો એક ઘા માથામાં મારવા જતા ફરીયાદીએ જમણો હાથ વચ્ચે નાખતા જમણા હાથે મુંઢ ઈજા કરી જેમ ફાવે તેમ ગાળો આપી હવે પછી મોટર ચાલુ કરવા આવશો તો જાનથી મારી નાખીશું તેવી ધમકી આપી મહે.જીલ્લા મેજી.સા. સુ.નગર નાઓના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલ હોય જે ગુનાની ફરીયાદ ચુડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ આપતાં, સદર ફરીયાદ **<u>ચુડા પોલીસ સ્ટેશન ગુના રજી નં. ૧૧૨૧૧૦૧૦૨૫૦૨૭૯/૨૫</u>** થી રજીસ્ટરે લઈ આરોપી સામે બી.એન.એસ. ની કલમ-૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨ તથા જી.પી.એક્ટની કલમ-૧૩૫ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલો. ત્યારબાદ તપાસ કરનાર અમલદારે સદરહું બનાવની તપાસ કરેલ અને તે તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતા અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨)... સદર કામે આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ થતા કોર્ટે ગુનાનું કોગ્નીજન્સ લઇ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૨૨૭ મુજબ સમન્સ કાઢવામાં આવેલ છે. આરોપીને સમન્સ બજી જતા આરોપી તેમનાં વિ.વ.શ્રી મારફતે હાજર થતાં આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૨૩૦ અન્વયે પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલી છે.

(૩)... ત્યારબાદ આ કામના આરોપી સામે આંક-૦૩ થી ગુના અંગેનું તહોમત ફરમાવી આરોપીની અનુક્રમે આંક-૦૪ થી પ્લી રેકર્ડ કરતાં આરોપીએ ગુનો કબુલ હોવાનો ઈન્કાર કરતાં આગળની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૪)... ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખિક

તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**-: મૌખીક પુરાવા :-**

| અનુ.નં. | આંક | સાહેદનું નામ | વિગત |
|---|---|---|---|
| (૧) | ૦૭ | અજુભાઈ રાહાભાઈ રાઠોડ | ફરિયાદી |
| (૨) | ૦૯ | સંજયસિંહ ખેંગારભાઈ રાઠોડ | પંચ |
| (૩) | ૧૧ | ગંભીરસિંહ ભીખુભા પઢીયાર | પંચ |
| (૪) | ૧૨ | રણુભાઈ ખોડુભાઈ ખાચર | પંચ |
| (૫) | ૧૪ | વિક્રમભાઈ લાલુભાઈ ચૌહાણ | પંચ |
| (૬) | ૧૫ | રાજુભાઈ અજુભાઈ રાઠોડ | સાહેદ |
| (૭) | ૧૭ | ડો.ઘનશ્યામભાઈ ચતુરભાઈ મોટકા | સાહેદ |
| (૮) | ૧૯ | જસમતભાઈ ધીરૂભાઈ રાઠોડ | સાહેદ |
| (૯) | ૨૦ | ડો.યોગેશ જગમાલભાઈ ગોહીલ | સાહેદ |

**-: દસ્તાવેજી પુરાવા :-**

| અનુ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૦૮ | ફરિયાદ |
| (૨) | ૧૦ | બનાવવાળી જગ્યાનુ પંચનામુ |
| (૩) | ૧૩ | આરોપીની શરીરસ્થિતીનું તથા બનાવ સમયે ઉપયોગ કરેલ હથિયાર કબ્જે કર્યા અંગેનુ પંચનામુ |
| (૪) | ૧૮ | ફરિયાદીનુ સારવાર સર્ટીફિકેટ |
| (૫) | ૨૧ | ફરિયાદીનુ સારવાર સર્ટીફિકેટ |
| (૬) | ૨૨ | સુચિપત્ર |
| (૭) | ૨૩ | જાહેરનામું |

આ કામે ફરીયાદપક્ષે આંક-૨૫ થી કલોજીંગ પુરસીસ રજુ કરી વધુ પુરાવો આપવા માંગતા ન હોવાનું જાહેર કરેલ છે. ઉપરોકત રજુ થયેલા પુરાવા સિવાય ફરીયાદપક્ષે બીજા કોઈ પુરાવો રજુ કરેલ નથી.

(૫)... આ કામે ફરિયાદપક્ષ તરફે રજુ થયેલા પુરાવાને ધ્યાને લેતાં, આરોપી વિરૂધ્ધનાં ગુના અંગે મહત્વનાં તત્વો ફલિત થતાં ન હોય, આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ-૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવા યોગ્ય

પુરાવો જણાતો ન હોય, આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ બંન્ને પક્ષની વિગતવારની દલીલો સાંભળવામાં આવેલ છે.

**(૬)...** ઉપરોકત કેસની હકીકત અત્રેની અદાલતના નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દા :-**

(૧) શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પરે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદી તથા આરોપીઓ કૌટુંબિક ભાઇઓ હોય ફરીયાદીના કુવામાં આ કામના આરોપી નં.૧ નાએ પાણીની મોટર મુકેલ હોય જેથી ફરીયાદીએ પોતાના કુવામાંથી પાણી પાવાની ના પાડી મોટર બંધ કરી દેતા આ કામનો આરોપી નં.૧ ઉશ્કેરાઇ જઇ ફરીયાદીનો કાંઠલો પકડી બે-ત્રણ વખતે ઓરડીની દિવાલ સાથે ભટકાડી નીચે પાડી દઈ તેના હાથમાં રહેલ છોરીયાનો ઉંધો એક ઘા માથામાં મારવા જતા ફરીયાદીએ જમણો હાથ વચ્ચે નાખતા જમણા હાથે મુંઢ ઈજા કરી જેમ ફાવે તેમ ગાળો આપી હવે પછી મોટર ચાલુ કરવા આવશો તો જાનથી મારી નાખીશું તેવી ધમકી આપી મહે.જીલ્લા મેજી.સા. સુ.નગર નાઓના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી બી.એન.એસ.ની કલમ-૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨ તથા જી.પી. એકટની કલમ-૧૩૫ મુજબનો ગુનો કરેલો છે?

(૨) શું હુકમ?

**(૭)...** ઉપરોકત મુદ્દાઓ પરત્વેના અત્રેની અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

## -: કા ર ણો :-

**મુદ્દા નંબરઃ-૧**

(૮)... બંને પક્ષ તરફેની દલીલો તેમજ ફરીયાદપક્ષે રેકર્ડ ઉપર રજુ કરેલ પુરાવાઓનું તુલનાત્મક મુલ્યાંકન કરતાં રેકર્ડ ઉપર આવેલ પુરાવો જોઈએ તો, ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધનો કેસ સાબિત કરવા માટે **આંક-૦૭ થી ફરીયાદી અજુભાઈ રાહાભાઈ રાઠોડ**ને તપાસવામાં આવેલ છે. તેઓ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, "બનાવ નવરાત્રી ના સમયમાં બનેલો. બનાવના દિવસે હું સમઢીયાળા મારી વાડીએ હતો. બનાવ દિવસના બપોરના ૧૨ થી ૧ ના સમય માં બનેલો. તે સમયે વાડીએ હું એકલો હતો. હું વાડીએ પાણીની મોટર ચલાવતો હતો. તે સમયે ભુપતભાઈ ધીરુભાઈ ત્યાં આવેલા અને પાણીની મોટર બંધ કરી દીધેલ. તેથી મે ભુપતભાઈ ધીરુભાઈને મોટર ચાલુ કરવાનું કહેલું અને હું મોટર ચાલુ કરવા ગયો ત્યારે પાછળથી આ ભુપતભાઈ ધીરુભાઈ એ મને પાછળના ભાગે છોરીયાનો ઘા કરેલો જે મને હાથે વાગેલું અને હું પડી ગયેલો. તે વખતે બાજુની વાડીમાંથી તે વાડીવાળા ધીરુભાઈનો દિકરો જશુભાઈ આવેલા અને અમને છુટા પાડેલા. ત્યાંથી આરોપી ભુપતભાઈ જતા રહેલા અને હું પણ જતો રહેલો. હું મારી વાડીએ આવીને સુઈ ગયેલો તે વખતે ગામમાં મારા દિકરાઓને સમાચાર મળતા તેઓ વાડીએ આવેલા અને મને ગાડીમાં સારવાર માટે દવાખાને લઈ ગયેલા. મારા દિકરા વાડીએ આવ્યા ત્યારે કઈ બનેલ નહી. મને સૌપ્રથમ સાયલા સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયેલા ત્યાંથી અમોને સુરેન્દ્રનગર વધુ સારવાર માટે લઈ ગયેલા. સુરેન્દ્રનગર સારવાર માટે ગયેલા ત્યારે ત્યાં હું ભાનમાં આવેલો. મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે તેમાં ફરીયાદી તરકે મારા અંગુઠાનું નીશાન છે જે હું ઓળખું છું જે અસલ ફરીયાદને આંક-૮ આપવામાં આવે છે. આરોપી આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તે જ છે.મને મુદ્દામાલ આર્ટીકલ છોરીયુ બતાવવામાં આવે છે જે જોઈને કહું છું કે તે બનાવ સમયે જે છોરીયુ હતું તે નથી."

જ્યારે આરોપી તરફેની ઉલટતપાસ દરમ્યાન આ ફરિયાદી જણાવે છે કે, "એ વાત ખરી છે કે ફરીયાદ એક દિવસ મોડી આપવામાં આવે છે. એ વાત ખરી છે કે સંજયસિંહ ખેંગારભાઈ રાઠોડ મારા શેઢા પાડોસી છે જેને હું ઓળખું

છું. એ વાત ખરી છે કે ગંભીરસિંહ ભીખુભા પઢીયાર અમારા ઘરના પાડોસી છે. એ વાત ખરી છે કે બળવંતભાઈ, રાજુભાઈ, મોહબતસંગભાઈ, નાનુભાઈ જે આ કામના સાહેદો છે તે મારા દિકરા ઓ છે. એ વાત ખરી છે કે મે મારી ફરીયાદમાં મારી જમીનનો સર્વે નંબર કે વર્ણન જણાવેલ નથી. એ વાત ખરી છે કે અમારે અને આરોપીને જમીન બાબતે બનાવ અગાઉ થી તકરારો ચાલતી હતી અને હાલ પણ ચાલે છે. એ વાત ખરી છે કે અમારા અને આરોપીના શેઢા પાસે ઓરડી આવેલ છે. એ વાત ખરી છે કે આ ઓરડીમાં અમારી તથા આરોપીઓની મોટર અને સ્ટાટર અલગ અલગ છે. જે ઓરડીનો દરવાજો લોખંડના પતરાનો છે જે દરવાજો નીચો હોય તેમાં જવા માટે નમીને જવું પડે. એ વાત ખરી નથી કે ઓરડીમાં મારી મોટર ચાલુ કરવા માટે જતા લોખંડના પતરા સાથે અથડાતા મને કહેવાતા બનાવ બાબતની ઈજા થયેલી. એ વાત ખરી છે કે હાલના બનાવ બાદ અમો તથા આરોપી વચ્ચે કોઈ બનાવ બનેલ નથી તથા અમો હાલમાં પણ અમારુ રોજીંદુ કામકાજ કરીએ છીએ. એ વાત ખરી નથી કે ખોટો બનાવ ઉભો કરી ખોટી ફરીયાદ આપી તેના સમર્થનમાં ખોટી જુબાની આપુ છું."

**(૦૯)...** ફરીયાદપક્ષે **આંક-૦૯ થી પંચ સંજયસિંહ ખેંગારસિંહ રાઠોડ તથા આંક-૧૧ થી પંચ ગંભીરસિંહ ભીખુભા પઢીયાર**નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ પંચસાહેદો આંક-૧૦ ના બનાવવાળી જગ્યાના પંચનામાના પંચસાહેદો છે. તેઓ સોગંદ ઉપર જણાવે છે કે, પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહી કરાવેલી અને તેઓની હાજરીમાં પોલીસે કોઈ બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરેલ હોય તેવુ બનેલ નથી. તેઓને બનાવવાળી જગ્યાનુ પંચનામુ બતાવવામા આવે છે જેમા તેઓની સહિ છે જે તેઓ ઓળખી બતાવે છે.

સદર પંચ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકત અને પંચનામાને સહેજ પણ સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી નાએ મૌખિક વિનંતીથી તેઓને કરી ગયેલા જાહેર કર્યા બાદ વિગતવાર ઉલટ કરવા છતા તેઓ કોઈ ફળદાયક હકીકત જણાવતા નથી.

જ્યારે આરોપી તરફેની ઉલટ તપાસ દરમ્યાન આ પંચ સાહેદ જણાવે

છે કે, એ વાત ખરી છે કે, તેમણે એક તૈયાર લખેલા પંચનામામા સહી કરેલ. આ પંચનામા બાબતે તેમને કોઈ જાતમાહિતી નથી.

(૧૦)... ફરીયાદપક્ષે **આંક–૧૨ થી પંચ રણુભાઈ ખોડુભાઈ ખાંચર તથા આંક–૧૪ થી પંચ વિક્રમભાઈ લાલુભાઈ ચૌહાણ**નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ પંચસાહેદો આંક–૧૩ ના આરોપી શરીરસ્થિતી તથા બનાવ સમયે ઉપયોગ કરેલ હથિયાર કબ્જે કર્યા અંગેના પંચનામાના પંચસાહેદો છે. તેઓ સોગંદ ઉપર જણાવે છે કે, પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહી કરાવેલી અને તેઓની હાજરીમાં પોલીસે કોઈ આરોપીના કબ્જામાંથી મુદ્દામાલ હથિયાર કબ્જે કરી અટક કરેલ હોય તેવુ બનેલ નથી. તેઓને સદર પંચનામુ બતાવવામા આવે છે જેમા તેઓની સહિ છે જે તેઓ ઓળખી બતાવે છે.

સદર પંચ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકત અને પંચનામાને સહેજ પણ સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી નાએ મૌખિક વિનંતીથી તેઓને કરી ગયેલા જાહેર કર્યા બાદ વિગતવાર ઉલટ કરવા છતા તેઓ કોઈ ફળદાયક હકીકત જણાવતા નથી.

જ્યારે આરોપી તરફેની ઉલટ તપાસ દરમ્યાન આ પંચ સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે, તેમણે એક તૈયાર લખેલા પંચનામામા સહી કરેલ. આ પંચનામા બાબતે તેમને કોઈ જાતમાહિતી નથી.

(૧૧)... ફરીયાદપક્ષે **આંક–૧૫ થી સાહેદ રાજુભાઈ અજુભાઈ રાઠોડ** નાઓને સોગંદ ઉપરની જુબાનીથી તપાસવામાં આવેલા છે.તેઓ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, "હાલનો બનાવ ગઈ તા.૨૬/૦૯/૨૦૨૫ ના રોજ બનેલો. બનાવ સમયે હું મારા વાડીના બાજુના ખેતરમાં કામ કરતો હતો. તે વખતે મારા ભાઈ બળવંતભાઈ અજુભાઈ હાજર હતા. તે વખતે બુમાબુમના દેકારાના લીધે હું તથા મારા ભાઈ બળવંતભાઈ અજુભાઈ રાહાભાઈના ખેતરે ગયેલા. તે વખતે ત્યાં મે જોયુ તો મારા પિતા અજુભાઈને જમણા હાથમાં અને માથામાં વાગેલ હતું. તે વખતે મે મારા પિતાને પુછેલું તો જણાવેલ કે, ભુપતભાઈ ધીરુભાઈએ મને જમણા હાથમાં અને માથામા

છોરીયાનો ઘા મારી વગાડેલ છે. અને મને ઓરડીમાં કરંટ આપવાનો ઈરાદો કરેલ હતો. અને આપણી મોટર બંધ કરી દીધેલ તેવું મને જણાવેલ અને ગાળો આપેલ. તે વખતે ત્યાં આ ભુપતભાઈ ધીરૂભાઈ પણ હાજર હતા. આ ભુપતભાઈએ મને કહેલ કે તમારે બધાયે જયાં જવું હોય ત્યાં જાવ તમોને મારી નાખવાના છે. અને પછી બાજુમાં અમારી ઓરડી છે ત્યાં લઈ ગયેલા. ત્યારબાદ મારા પિતાને ૧૦૮ માં સારવાર માટે સાયલા લઈ ગયેલા અને તે વખતે નાનુભાઈ આવી ગયેલા. ત્યારબાદ વધુ સારવાર માટે પેલા ગાંધી હોસ્પીટલ સુરેન્દ્રનગર અને ત્યારબાદ સી.યુ.શાહ હોસ્પીટલમાં સારવાર માટે ગયેલા. બીજા દિવસે અમોને રજા આપે દીધેલ. પોલીસે બનાવ બાબતે મારો જવાબ લીધેલો. આરોપી આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તે જ છે તેઓને જોયેથી હું ઓળખું છું."

જયારે આરોપી તરફેની ઉલટ તપાસ દરમ્યાન સદર સાહેદ જણાવે છે કે, "એ વાત ખરી છે કે મારા પિતાને આરોપી મારતા હોય તેવું મે નજરે જોયેલ નહી. એ વાત ખરી છે કે બનાવ અગાઉથી જમીન બાબતે અમારે તકરાર ચાલતી હતી. એ વાત ખરી નથી કે ભુપતભાઈ ધીરુભાઈની જમીન અમોએ પચાવી પાડેલી તે બાબતની અમારા ઉપર ફરીયાદ થયેલી."

(૧૨)... ફરીયાદપક્ષે **આંક–૧૭ થી સાહેદ ડો.ઘનશ્યામભાઈ ચતુરભાઈ મોટકા**નાઓને સોગંદ ઉપરની જુબાનીથી તપાસવામાં આવેલા છે.તેઓ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, "હું તા.૨૬/૦૯/૨૫ ના રોજ સામુહિક આરોગ્ય કેન્દ્ર સાયલા મુકામે ફરજ પર હાજર હતો ત્યારે બપોરેના કલાક ૦૩–૦૦ વાગે પોલીસ યાદી વગર એક દર્દી નામે અજુભાઈ રાહાભાઈ રાઠોડ, ઉ.વ.૬૦, રહે.સમઢીયાળાનાઓ અમારી હોસ્પીટલમાં સારવાર માટે આવેલા. આ દર્દીએ તેમની મેડીકલ હીસ્ટ્રીમાં જણાવેલ કે "તા.૨૬/૦૯/૨૫ ના રોજ બપોરના દોઢ વાગ્યે સમઢીયાળા ગામની વાડી કરાડની વાડી જે ચોકડી ગામના મારગે આવેલી છે ત્યાં ભુપતભાઈ ધીરુભાઈ રાઠોડનાઓએ અને સુખદેવભાઈ ધીરુભાઈ રાઠોડ નાઓએ છોરીયા વડે હુમલો કરેલો." ત્યારબાદ દર્દીને મે તપાસેલા તે વખતે દર્દી સભાન અવસ્થામાં હતા અને તેઓને નીચે મુજબની ઈજાઓ જોવા મળેલી. ઈજા નં.૧ :– પીઠના ભાગ

ઉપર એક ચકામું જે ૩x૨ સે.મી. અને લાલ કલરનું હતું. ઈજા નં.૨ :- એક ઉઝરડો જમણા હાથના પાછળના ભાગે ૨ x ૨ સે.મી.નો હતો. દર્દીને માથાના દુખાવાની અને છાતીના દુખાવાની ફરીયાદ હતી. આપેલી આ દર્દીને મે ઉપરોકત ઈજાની પ્રાથમિક સારવાર અને તેમને વધુ સારવાર લેવી હોય તો સુરેન્દ્રનગર જવાનું જણાવેલું અને તેઓને મે સુરેન્દ્રનગર રીફર કરેલા. આ દર્દીને થયેલ ઈજા તાજી,સાદી અને કઠણ અને બોથડ પદાર્થથી થઈ શકે તેવા પ્રકારની હતી તથા જો કોઈ આડઅસર ન થાય તો આશરે ૧૪ દિવસમાં મટી શકે તેવા પ્રકારની ઈજા હતી. જે બાબતનુ મે એમ.એલ.સી. નં.૫૮૪/૨૦૨૫, તા.૨૬/૦૯/૨૦૨૫ ના રોજનુ સારવાર સર્ટીફીકેટ આપેલ, જે સારવાર સર્ટીફીકેટ મને બતાવવામા આવે છે જે જોઈને કહુ છુ કે તેમા મેડીકલ ઓફીસર તરીકે મારા કે મારી મારી ૨ સહી અને મારા હોદાનો સીકકો છે જે હું ઓળખુ છુ, જે સારવાર સર્ટીફીકેટને આંક-૧૮ આપવામા આવે છે."

જયારે આરોપી તરફેની ઉલટ તપાસ દરમ્યાન સદર ડોક્ટર સાહેદ જણાવે છે કે, "એ વાત ખરી છે કે ઈજા નં.૧ કોઈ વ્યકિત પતરાવાળા દરવાજા સાથે અથડાઈ તો થઈ શકે તેવા પ્રકારની હતી. એ વાત ખરી છે કે ઈજા નં.૨ કોઈ વ્યકિત દિવાલ સાથે ભડકાઈ કે ધસાઈ તો થઈ શકે તેવા પ્રકારની હતી. એ વાત ખરી છે કે કબજીયાતાના કામે માથાના તથા છાતીના દુખાવાની ફરીયાદ હોય શકે. એ વાત ખરી છે કે મારા અભિપ્રાય મુજબ દર્દીએ સારવાર લેવા સુરેન્દ્રનગર જવાની હતી નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે દર્દી આગ્રહ રાખતા હોય મે તેઓને રીફર કરેલા."

**(૧૩)...** ફરીયાદપક્ષે **આંક-૧૯ થી સાહેદ જસમતભાઈ ધીરૂભાઈ રાઠોડ**નાઓને સોગંદ ઉપરની જુબાનીથી તપાસવામાં આવેલા છે.તેઓ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, "હાલનો બનાવ તા.૨૬/૦૯/૨૦૨૫ ના રોજ બનાવ બનેલો. બનાવ સમયે હું મારી વાડી બપોરે ૧૨-૩૦ આસપાસ હતો. બનાવમાં મે જોયેલું તો અજાભાઈ અને ભુપતભાઈ નાઓ ઝપાઝપી કરતા હતા. આ બંને જણા બથમબથ આવેલા. જેથી તેઓને મે જુદા પાડેલા. આ લોકોને ઈજાઓ થયેલી હોય તેવું મે જોયેલ નહી અને મે જુદા પડાવેલા

ત્યારબાદ અજાભાઈ ઘરે જતા રહેલા. બનાવ બાબતે પોલીસ મારો જવાબ લીધેલો. હવે સાહદે સ્વેચ્છાએ જણાવે છે કે પોલીસને મે કઈ જણાવેલ નહી. પોલીસે મારુ નામ પુછેલું. આરોપીઓ આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તે જ છે જેઓને હું જોયેથી ઓળખું છું."

જયારે આરોપી તરફેની ઉલટ તપાસ દરમ્યાન સદર સાહેદ જણાવે છે કે, "એ વાત ખરી છે કે ભુપતભાઈ તથા અજુભાઈ અમારા ગામના હોય બનાવ અગાઉથી તેઓને હું ઓળખું છું. એ વાત ખરી છે કે બનાવમાં સમાન્ય બોલાચાલી થયેલી. એ વાત ખરી છે કે પોલીસે માત્ર મારુ નામ સરનામું પુછેલ બાકીનું તેમને તેમની રીતે લખી નાખેલ.એ વાત ખરી નથી કે આજરોજ સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છું."

(૧૪)... ફરીયાદપક્ષે **આંક-૨૦ થી સાહેદ ડો.યોગેશ જગમાલભાઈ ગોહીલ**નાઓને સોગંદ ઉપરની જુબાનીથી તપાસવામાં આવેલા છે.તેઓ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, "હું તા.૨૭/૦૯/૨૫ ના રોજ સી.યુ.શાહ મેડીકલ કોલેજ ખાતે મેડીકલ ઓફીસર તરીકે મારી ફરજ બજાવતો હતો તે વખતે દર્દી નામે અજુભાઈ રાહાભાઈ રાઠોડ તેમના દિકરા નાનુભાઈ રાઠોડ સાથે અમારી હોસ્પીટલમાં સારવાર માટે આવેલા. તે સમય રાત્રેના કલાક ૧૨-૨૧ વાગ્યાનો હતો. આ દર્દીએ તેમની મેડીકલ હીસ્ટ્રીમાં જણાવેલ કે " દર્દીને તા.૨૬/૦૯/૨૫ ના રોજ બપોરે ૧ વાગ્યે ભુપતભાઈ ધીરુભાઈ નામના વ્યકિત વડે કારડની વાડીએ સમઢીયાળા ગામે તા.ચુડા મુકામે છોરીયુ તથા હાથપગ વડે માર મારેલ". આ દર્દીને તપાસતા તેઓ ભાનમાં હતા, અને આ હીસ્ટ્રી જાતે આપેલી દર્દીને નીચે મુજબની ઈજાઓ જોવા મળેલી. ઈજા નં. ૧ :-દર્દીને માથાના પાછળના ભાગે ઓકસીપીટલ રીઝન (ભાગ) માં દુખાવો તેમજ સોજો હતો. દર્દીના માથાના ભાગનો સીટી સ્કેન કરતા જણાયેલ કે તેમાં કોઈપણ પ્રકારનું ફેકચર તથા હેમરેજ જોવા મળેલ નહી. ઈજા નં.૨:- દર્દીના જમણા હાથના કાંડાના ભાગે ૩.૫×૨ સે.મી. જેટલો છોલાયેલો ઘા હતો. આ ભાગનો એકસ રે કરતા જણાયેલ કે હાડકામાં કોઈપણ પ્રકારનું ફેકચર હતુ નહી. ઈજા નં.૩:- દર્દીના કમરના ભાગે દુખાવો તેમજ સોજો જણાયેલ હતો. આ ભાગનો એકસ રે કરતા

જણાયેલ કે કમરના કોઈપણ પ્રકારનું ફેકચર હતું નહી. દર્દીને થયેલ ઈજા સાદા પ્રકારની, તથા ઈજા નં.૧ થી ૩ તાજી હતી. આ ઈજાઓ કોઈપણ બોથડ પદાર્થથી થઈ શકે તેવા પ્રકારની હતી. આ ઈજાઓ કોઈ આડઅસર ન થાય તો બે અઠવાડીયામાં મટી શકે તેવી હતી. જે બાબતનુ મે એમ.એલ.સી.નં.૨૫૫૬/૨૦૨૫,તા.૦૩/૧૧/૨૦૨૫ નારોજ નુ રોજનુ સારવાર સર્ટીફીકેટ આપેલ, જે સારવાર સર્ટીફીકેટ મને બતાવવામા આવે છે જે જોઈને કહુ છુ કે તેમા મેડીકલ ઓફીસર તરીકે મારી સહી અને મારા હોદાનો સીકકો છે જે હું ઓળખુ છુ, જે સરવાર સર્ટીફીકેટને આંક-૨૧ આપવામા આવે છે."

જયારે આરોપી તરફેની ઉલટ તપાસ દરમ્યાન સદર ડોક્ટર સાહેદ જણાવે છે કે, "એ વાત ખરી છે કે દર્દીને માથાની ઈજા બાબતે મે કોઈ સારવાર કરેલી નહી. એ વાત ખરી છે કે દર્દીને કોઈ તિક્ષ્ણ હથીયાર વડે ઈજા થયેલ હોય તેવું જણાયેલ નહી. એ વાત ખરી છે કે ઈજા નં.૧ કોઈ ઉંમર લાયક વ્યકિત પતરાવાળા દરવાજા સાથે અથડાઈ તો થઈ શકે તેવા પ્રકારની હતી. એ વાત ખરી છે કે ઈજા નં.૨ કોઈ વ્યકિત દિવાલ સાથે ભડકાઈ કે ધસાઈ તો થઈ શકે તેવા પ્રકારની હતી. એ વાત ખરી છે કે કોઈ વ્યકિત ઉમરલાયક હોય તો તેને શરીરના વિવિધ ભાગોએ દુખાવાની ફરીયાદ રહેતી હોય છે. એ વાત ખરી છે કે દર્દીએ તેની હીસ્ટ્રીમાં બનાવ સ્થળ ચોકડીનો મારગ તેવું જણાવેલ નહી."

**(૧૫)...** આ કામે ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી દલીલ કરતા જણાવે છે કે, આ કામના આરોપી સામે બી.એન.એસ.ની કલમ ૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના ગુનાનો આક્ષેપ છે. ફરીયાદપક્ષે આરોપી સામેનો આક્ષેપ પુરવાર કરવા સારૂ ફરીયાદી તથા અન્ય સાહેદો તથા ડોકટર સાહેદ તથા તપાસ કરનાર અમલદારનો પુરાવો નોંધેલ છે. સદર તમામ સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલો છે. જેથી ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ બી.એન.એસ.ની કલમ-૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના ગુનાના આવશ્ક તત્વો નિઃશંકપણે પુરવાર થાય છે, જેથી આરોપીને

સદર ગુનાના કામે તકસીરવાન ઠરાવી સમાજમાં દાખલો બેસાડવા માટે સખતમાં સખત નશ્યતે કરવા તથા કાયદામાં ઠરાવેલ મહત્તમ સજા કરવા માટેની રજુઆત કરેલી છે.

**(૧૬)...** સદર કામે બચાવપક્ષના વિ.વ.શ્રી એ.એમ.કુરેશી દ્વારા મૌખિક દલીલ કરવામાં આવેલ છે જેમાં જણાવેલ છે કે, સદર કેસમાં મુળ ફરિયાદી અને આ કામના આરોપી કુંટુંબી ભાઈઓ થતાં હોય બંન્ને વચ્ચે સમાધાના થઈ ગયેલ છે જે આંક-૨૪ થી પુરશીસ જાહેર કરી રજુ કરેલ છે. વધુમાં, આ કામના આરોપી તથા ફરિયાદી વચ્ચે હાલની ફરિયાદવાળા બનાવ બાદ કોઈ જ અનિચ્છનિય બનાવ બનેલ નથી તથા બંન્ને પક્ષકારોને બનાવ બાબતે કોઈ જ મનદુઃખ ન હોય બંન્ને પક્ષકારો સમાધાનથી કેસની કાર્યવાહી આગળ ચલાવવા માંગતા ન હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાની વિનંતી કરેલ છે.

**(૧૭)...** સદર કામે બંન્ને પક્ષોની દલીલ થયા બાદ સદર કામ ઠરાવ ઉપર રાખવામા આવેલ હતુ. ત્યારબાદ તા.૧૧/૦૬/૨૦૨૬ નારોજ પક્ષકારો-સાહેદો દ્વારા આંક-૨૪ થી પુરશીશ રજુ કરી નવી હકીકત જણાવેલ છે કે બંન્ને પક્ષકારો એક જ કુંટુંબના વ્યક્તિઓ છે. મુળ ફરિયાદી અજુભાઈ રાહાભાઈ રાઠોડ જે આ કામના આરોપીના કુંટુંબી ભાઈ થાય છે અને એક જ કુંટુંબમાં રહે છે હાલની ફરિયાદવાળા બનાવ બાદ પક્ષકારો વચ્ચે કોઈ અનિચ્છનિય બનાવ બનવા પામેલ નથી અને પહેલાંની માફક હાલ બંન્ને પક્ષકારો સલુહ-સંપથી રહે છે. ફરિયાદવાળા બનાવ સમયે ફરિયાદી આવેશમાં અને આક્રોશીત હોય બનાવ સંબંધે ગંભીર આક્ષેપો ફરિયાદમાં કરેલ અને તે જ રીતે નામદાર કોર્ટમાં બનાવ બાદ તુરંત જ પુરાવો આપવામાં ગંભીર આક્ષેપો કરેલ પરંતુ સમય વિતતા અને શાંત રીતે વિચારતા ફરિયાદી અને ઈજા પામનારાનાઓને બનાવ સંબંધે ગંભીર પુરાવો આપવા અંગે પારાવાર પસ્તાવો અને દુઃખની લાગણી થયેલ હોય સદરહું કેસના આરોપી આ કામના ફરિયાદીના કુંટુંબી ભાઈ હોવાના નાતે ફરિયાદી આ કામના આરોપી ઉપર કોઈ જ કાર્યવાહી કરવા માંગતા નથી તથા બંન્ને પક્ષકારો વચ્ચે હવે કોઈ જ

મનદુઃખ કે એકબીજા માટે કોઈ અભાવ કે વૈમનસ્ય નથી તેવુ પુરશીશથી જાહેર કરેલ છે.

સદર કામે પક્ષકારોએ તેમની ફરિયાદ તથા કેસને સમર્થનકારી પુરાવો આપેલો પરંતુ ત્યારબાદ તેનાથી વિરોધાભાષી હકીકત જણાવતી હકીકત આંક–૨૪ થી પુરશીશ રેકર્ડ ઉપર જણાવવામા આવેલી છે. જેથી ફરિયાદી તથા સાહેદો દ્વારા આરોપીપક્ષ વિરૂધ્ધ અગાઉ આપવામા આવેલો પુરાવો વિશ્વસનીય ગણી શકાય નહિ તેમજ તે પુરાવાના આધારે આરોપીપક્ષને દોષિત ઠરાવી શકાય નહિ. વધુમા સદર કામે પંચોએ ફરિયાદપક્ષના કેસને કોઈ સમર્થન કરતો પુરાવો આપેલ નથી તેમજ ફરિયાદી કે કોઈ પણ સાહેદ દ્વારા હથિયારો ઓળખી બતાવેલ નથી. જેથી ફરિયાદપક્ષે જણાવેલી કહેવાતી ઈજાઓ પણ કહેવાતા હથિયારથી થયા હોવા બાબતે શંકા ઉત્પન્ન થાય છે. આમ, ફરિયાદપક્ષનો હથિયારથી થયેલી ઈજા બાબતનો પુરાવો શંકાસ્પદ જણાય છે.

(૧૮)... આમ, આ કામે તપાસેલ ફરિયાદીનો પુરાવો ધ્યાને લેતાં, આ કામના ફરીયાદી તથા આરોપી કૌટુંબિક ભાઇઓ હોય ફરીયાદીના કુવામાં આ કામના આરોપી નં.૧ નાએ પાણીની મોટર મુકેલ હોય જેથી ફરીયાદીએ પોતાના કુવામાંથી પાણી પાવાની ના પાડી મોટર બંધ કરી દેતા આ કામનો આરોપી નં.૧ ઉશ્કેરાઈ જઈ ફરીયાદીનો કાંઠલો પકડી બે–ત્રણ વખતે ઓરડી ની દિવાલ સાથે ભટકાડી નીચે પાડી દઈ તેના હાથમાં રહેલ છોરીયાનો ઉંધો એક ઘા માથામાં મારવા જતા ફરીયાદીએ જમણો હાથ વચ્ચે નાખતા જમણા હાથે મુંઢ ઈજા કરી જેમ ફાવે તેમ ગાળો આપી હવે પછી મોટર ચાલુ કરવા આવશો તો જાનથી મારી નાખીશું તેવી ધમકી આપી મહે.જીલ્લા મેજી.સા. સુ. નગર નાઓના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી બી.એન.એસ.ની કલમ ૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાનું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નં.૦૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૦૨ પરત્વે આખરી હુકમ નીચે મુજબ ફરમાવું છું.

**-: હુ ક મ :-**

- આ કામના આરોપી નામે **ભુપતભાઈ ધીરૂભાઈ રાઠોડ, ઉ.વ.૩૭, રહે. સમઢીયાળા, તા.ચુડા, જી.સુરેન્દ્રનગર** નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૨૭૧(૧) અન્વયે બી.એન.એસ. ની કલમ-૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

- આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૪૮૧ ની જોગવાઈ મુજબ અપીલ કોર્ટમાં હાજર રહેશે તેવી ખાત્રી આપતાં છ માસના સમય માટે રૂા.૫,૦૦૦/- અંકે રૂપિયા પાંચ હજાર પુરાના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકાં રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

- સદર કેસનો નોન વેલ્યુએબલ મુદ્દામાલ અપીલ સમય વિત્યે નિયમાનુસાર નાશ (નિકાલ) કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ: ૧૮મી, માહે: જુલાઈ, સને: ૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ: ૧૮/૦૭/૨૦૨૬ **(પ્રદિપકુમાર રામસિંહ ચંપાવત)**
ચુડા. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,ચુડા.
[યુ.આઇ.સી. નં.જીજે૦૧૫૬૬]